## જિલ્લામાં સૌથી વધુ A-1 ગ્રેડમાં ૬૩ પરીક્ષાર્થીઓ સાથે ઓક્સફર્ડ સ્કૂલનો દબદબો

# અરે વાહ : અમરેલીની ઓક્સફર્ડ સ્કૂલનાં ધો. ૧૦નાં પરીક્ષાર્થીઓને A-1 ગ્રેડ

**ઉતિર્ણ થયેલ કુલ A-1 માં ૨૧૮ પરીક્ષાર્થીઓમાંથી ઓક્સફર્ડનાં ૬૩ પરીક્ષાર્થીઓ**

**ઈન્ટરનેશનલ કક્ષાનું નામ ધરાવતી ઓક્સફર્ડ સ્કૂલનું પરિણામ પણ એટલું જ તેજસ્વી**

**૭૨ પરીક્ષાર્થીઓ A-2 ગ્રેડમાં અને ૧૦૭ પરીક્ષાર્થીઓએ ૯૦થી વધુ પીઆર મેળવ્યા**

**ઉર્તિણ થયેલ તમામ પરીક્ષાર્થીઓ પર સમગ્ર જિલ્લામાંથી અભિનંદનવર્ષા**





અમરેલી, તા. ૮

ગુજરાત માધ્યમિક બોર્ડ ધ્વારા જાહેર થયેલ ધો. ૧૦ પરિણામમાં ઓક્સફર્ડનાં ૬૩ વિદ્યાર્થીઓએ એ–૧ ગ્રેડ મેળવી અમરેલી જિલ્લામાં ઈતિહાસ સર્જી દીધો. સંસ્થાના કુલ ૨૨૫ વિદ્યાર્થીઓમાંથી ૨૧૮ વિદ્યાર્થીઓ ઉતિર્ણ થયેલ છે. જેમાં ૬૩ વિદ્યાર્થીઓ એ–૧ ગ્રેડ, ૭૨ વિદ્યાર્થીઓ એ–૨ ગ્રેડ અને ૧૦૭ વિદ્યાર્થીઓએ ૯૦ અપ પીઆર મેળવેલ છે. જેમાં ઠાકર અનામિકા, રામોલીયા સોહમ અને પરમાર દેવાંશી ૯૯.૯૩ પીઆર સાથે શાળા પ્રથમ આવેલ છે. ઉતિર્ણ તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર અભિનંદન પાઠવે છે.

**સમગ્ર પથકમાં પ્રથમથી લઈને ચતુર્થ ક્રમાંક પાપ્ત કર્યો**

## બાબરાનાં શિવમ ટયુશન કલાસીસનું ધો. ૧૦નું ઐતિહાસીક ૧૦૦ ટકા પરિણામ

**સંચાલકો અને વિદ્યાર્થીઓ દ્વારા આતશબાજી કરાઈ**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૮

બાબરામાં ઉમિયાનગર વિસ્તારમાં માં કરિયર શિવમ ટયુશન કલાસીસનું ધોરણ ૧૦નું ૧૦૦% જેવું ઉજ્જ્વળ પરિણામ આવતા કલાસીસ પરિવાર દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આતશબાજી અને મીઠાઈ વિતરણ કરી શાનદાર પરિણામ ની ઉજવણી કરી આનંદ વ્યક્ત કર્યો હતો.

અહીં ટયૂશન કલાસીસમાં વિદ્યાર્થીઓએ તાલુકામાં એકથી સાત ક્રમે ટોપ પર રહી જિલ્લા અને રાજયમાં પણ આગળ રહી કલાસીસનું ગૌરવ વધાર્યુ છે. કલાસીસના ૯ વિદ્યાર્થીઓએ એવન ગ્રેડ મેળવ્યા તેમજ પાંચ જેટલા વિદ્યાર્થીઓએ ગણિત અને વિજ્ઞાન જેવા વિષયોમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવી રાજયમાં નંબર મેળવ્યો.

કલાસીસની વિદ્યાર્થીની કરડ ચાર્મીએ ૯૯.૯૩ પીઆર મેળવી એવન ગ્રેડ સાથે ગણિત અને વિજ્ઞાન વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવી તાલુકામાં પ્રથમ અને અમરેલી જિલ્લામાં તૃતીય ક્રમ મેળવ્યો હતો તેમજ આંબલિયા સાક્ષી એ ૯૯.૯૧ પી આર સાથે એવન ગ્રેડ મેળવી ગણિત અને વિજ્ઞાન વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવી તાલુકામાં દ્વિતીય અને રાજયમાં નવમો ક્રમ મેળવ્યો હતો.

બાબરા તાલુકામાં ત્રીજા ક્રમે દસલાણીયા યશવી ૯૯.૮૪ પીઆઈ સાથે ચોથા ક્રમે દેવભર્ડિંગજી નૈતિક ૯૯.૭૭ સાતમા ક્રમે કારેટીયા હેત્વીએ ૯૯.૪૨ સાથે એ૧ ગ્રેડ મેળવ્યો હતો. તેમજ છાયાણી શ્રેયા, કરકર મહેક, કરકર પ્રાચી અને ગોટી રોમિત એ એ૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો. શિવમ્ ટયુશન કલાસિસનું ૧૦૦ % પરીણામ માં કલાસીસના ૯ જેટલા વિદ્યાર્થીઓએ એ૧ ગ્રેડ પ્રાપ્ત કરવામાં આવ્યો હતો. ગણિત વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવવામાં સફળ તા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓમાં આંબલીયા સાક્ષી ગોટી રોમિત, આંબલીયા સાક્ષી કરડ ચાર્મી, દસલાણીયા યશવી શિવમ્ ટયુશન કલાસિસ સંચાલક સંજયભાઈ આંબલીયા તથા ભાર્ગવભાઈ આંબલીયા તથા પરેશભાઈ ઝાપડીયા તથા જીતુભાઈ ધાખડા અને તમામ શિક્ષક ગણએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા.

**કરોડો રૂપિયાનાં ખર્ચે બનેલ માર્ગોમાં પણ પાણી ભરાવાની સમસ્યા ઉભી થઈ**

## સાવરકુંડલાનાં વીજપડી નજીકથી પસાર થતાં નેશનલ હાઈવેમાં પાણીનો ભરાવો થયો

**રેલિંગ પણ જોવા મળતી ન હોય વાહનચાલકો તોબા...તોબા...**





અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લામાંથી પસાર થતો મહુવા–જેતપુર નેશનલ હાઈવે સાવરકુંડલાનાં વીજપડી નજીક ભયજનકસ્થિતિમાં જોવા મળી રહ્યો છે. નેશનલ હાઈવેમાં કમોસમી વરસાદથી પાણીનો ભરાવો થતાં માર્ગમાં ગાબડા પડી જતાં વાહનચાલકોને વાહન પસાર કરવામાં ધોળે દિ'એ તારા દેખાઈ રહ્યા છે.

જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં ખર્ચે તૈયાર થયેલ માર્ગથી જનતાની સુવિધા વધવાને બદલે પરેશાની વધી રહી છે. માર્ગ બનાવવામાં કમિશનબાજી સહિતની ગેરરીતિનાં લીધે જ માર્ગ નબળો બન્યો હોવાનું સૌ માની રહ્યું છે.

નેશનલ હાઈવે વિભાગનાં અધિકારીઓએ સ્થળ પરીક્ષણ કરીને માર્ગની મરામત કરવા રેલિંગ સહિતની સુવિધા ઉભી કરવી જોઈએ તેવી માંગ વાહનચાલકો કરી રહ્યા છે.

**પ્રિન્સિપાલ સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતાં**

## અમરેલીમાં ગર્લ્સ હોસ્ટેલમાં ગળાફાંસો ખાઈ લેવા મજબુર કરનાર આરોપીને ૧૦ વર્ષની સજાનો આદેશ

**સરકારી વકીલ જે.બી. રાજગોરની ધારદાર દલીલો સફળ રહી**



અમરેલી, તા. ૮

અમરેલી ખાતે લક્ષ્મી ડાયમંડની ગર્લ્સ હોસ્ટેલમાં વિદ્યાર્થીનીને ગળાફાંસો ખાઈ લેવા મજબુર કરનાર આરોપીને ૧૦ વર્ષની સજા સખત કેદ અને રૂપિયા ૧.૩૦ લાખનાં દંડની સજા અમરેલીનાં પ્રિન્સિપાલ સેશન્સ જજ રીઝવાનાબેન બુખારી મેડમે કરેલ છે.

વિગત એવા પ્રકારની છે કે આ કામના આરોપી આકાશભાઈ મનજીભાઈ શિહોરા, રે. બોટાદની સામે ફરિયાદ સવાઈલાલ નાનજીભાઈ તલસાણીયા, રે. બોટાદાવાળએ ગઈ તા. ૫/૧૧/૨૦૨૩ના રોજ પોલીસમાં ફરિયાદમાં જણાવેલ કે પોતાની પૌત્રી અર્ચના મેહુલભાઈ તલસાણીયા જે અમરેલી ખાતે ગજેરા સંકુલ લક્ષ્મી ડાયમંડ હોસ્ટેલના બિલ્ડીંગના ત્રીજા માળે રૂમ નં. ઈ–૧૬મા રહી બી.એસ.સી.માં અભ્યાસ કરતી હતી અને આરોપી આકાશ મનજીભાઈ શિહોરા રહે. બોટાદ તેણીની સાથે પ્રેમ સંબંધ બાંધી તેના ખરાબ ફોટા વાયરલ કરી બદનામ કરવાની ધમકી આપી, શરીરે ડામ દેવડાવી, માનસિક તેમજ શારીરિક ત્રાસ આપી મરણ જનારને મરવા માટે મજબુર કરતા મરણ જનારે હોસ્ટેલના રૂમમા ગળાફાંસો આપઘાત કરી મરણ ગયેલ. તેણીએ ગળાફાંસો ખાતા પહેલા સુસાઈડ નોટ લખેલ તે નોટના આધારે ફરિયાદ આપતા તે કેસ અમરેલીના પ્રિન્સિપાલ સેશન્સ જજ રીઝવાનાબેન બુખારી મેડમની કોર્ટમાં ચાલી જતા આરોપી આકાશભાઈ મનજીભાઈ શિહોરાને આઈ.પી.સી. કલમ–૩૦૬ના ગુન્હામા તકસીરવાન ઠરાવી ૧૦ વર્ષની સખત કેદ તથા આઈ.પી.સી. ૪૯૮ના કામે તકસીરવાન ઠરાવી ૩ વર્ષની સખત કેદ તથા કુલ રૂા. ૧,૩૦,૦૦૦/– દંડ ફટકારેલ છે તે કામે સરકાર તરફે પી.પી. જે.બી. રાજગોરની ધારદાર દલીલો કોર્ટે ગ્રાહય રાખી ઉપરોકત સજા તા. ૮/૫/૨૫ના રોજ કરેલ છે.


**''અમરેલી એક્સપ્રેસ''**

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

**સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭**



**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) – ચક્કરગઢ રોડ અમરેલી. -Ad 043

**સંકુલ ગુજરાતી મિડીયમ – સવાર બપોર સ્કૂલ**

| | |
|---|---|
| ★ ધો. ૧ થી ૫ મિશ્ર સવાર | ★ ધો. ૧૧ – ૧૨ આર્ટસ મિશ્ર સવાર |
| ★ ધો. ૧ થી ૫ મિશ્ર બપોર | ★ ધો. ૧૧ – ૧૨ આર્ટસ ગર્લ્સ બપોર |
| ★ ધો. ૬ થી ૮ મિશ્ર સવાર | ★ ધો. ૧૧ – ૧૨ કોમર્સ મિશ્ર સવાર |
| ★ ધો. ૬ થી ૮ ગર્લ્સ બપોર | ★ ધો. ૧૧ – ૧૨ કોમર્સ ગર્લ્સ બપોર |
| ★ ધો. ૯ – ૧૦ મિશ્ર સવાર | ★ ધો. ૧૧ – ૧૨ સાયંસ મિશ્ર સવાર |
| ★ ધો. ૯ – ૧૦ ગર્લ્સ સવાર | ★ ધો. ૧૧ – ૧૨ સાયંસ ગર્લ્સ બપોર |



**શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત**

(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

**શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ**

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯

**પ્રવેશની ઉત્તમ તક...**

વર્ષ-૨૦૨૫માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...

શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે

પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

**સુવિધાઓ**

- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા, પ્રિન્સિપાલ, મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી

www.mdscollege.org

શ્રીમતિ વનીતા બી. સીતાપરા, મેનેજીંગ ટ્રસ્ટી, મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮

## પ્રવર્તમાન સ્થિતિને અનુલક્ષી આંતર વિભાગીય સંકલન દ્વારા કામગીરી

# અમરેલીનાં બસ પોર્ટ ખાતે મોકડ્રીલ યોજાઇ

**ફાયર, ૧૦૮ ઈમરજન્સી સેવા, પોલીસ અને વહીવટીતંત્રનાં સંકલનથી મોકડ્રીલ યોજાઈ**

**આપત્તિની સ્થિતિમાં નાગરિકોએ શું કરવાનું રહે તેનાં વિશે સમજ અપાઈ**

**પળવારમાં જ બસ પોર્ટ ખાતે ૧૦૮ની ૩ એમ્બ્યુલન્સ આવી પહોંચી**

**૦૨ ફાયર ફાઈટર, વાહનો અને સાધનો સાથે જવાનો દોડી આવ્યા**











અમરેલી, તા. ૮

ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમના અમરેલી બસપોર્ટ ખાતે આજે ગુરૂવારની બપોરે એક મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રવર્તમાન સ્થિતિને અનુલક્ષી અમરેલી શહેરમાં નાગરિકો અવગત થાય તે માટે, અમરેલી જિલ્લા વહીવટી તંત્ર, ફાયર બ્રિગેડ, ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા ૧૦૮, પોલીસ વિભાગના આંતરિક સંકલનથી મુસાફરોથી ભરેલા બસમથકમાં બનતી ત્વરાએ રાહત અને બચાવ કામગીરી મોકડ્રીલના માધ્યમ કરવામાં આવી હતી.

નિવાસી અધિક કલેક્ટરની વિશેષ ઉપસ્થિતિ અને ફાયર અધિકારી એચ.સી. ગઢવીના દિશાનિર્દેશમાં યોજાયેલ આ મોકડ્રીલના પ્રારંભે બસપોર્ટની સૂચના માટેની પ્રસારણ વ્યવસ્થા દ્વારા મુસાફરોને સૂચિત મોકડ્રીલ વિશે અવગત કરવામાં આવ્યા હતા. નાગરિકોમાં ભય ન ફેલાઈ અને અફવાઓનો માહોલ ન બને તે માટે આ સૂચનાઓનું પુનરાવર્તન કરવામાં આવ્યું હતું. દરમિયાન અગાઉથી નક્કી કરવામાં આવેલી સ્થિતિ મુજબ ફાયર બ્રિગેડને બસ મથકમાંઈમરજન્સીનો કોલ મળ્યો હતો.

પળવારમાં જ બસપોર્ટ ખાતે ૧૦૮ની ૦૩ એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડના ૦૨, ફાયર ફાઈટર ૦૨ વાહનો, રેસ્ક્યુ સાધનો સાથે જવાનો દોડી આવ્યા હતા. આ મોકડ્રીલમાં ૧૨ જેટલા મુસાફરોનું રેસ્ક્યુ કરી અને તેમને તાત્કાલિક આરોગ્ય કેન્દ્ર પર લઈ જવામાં આવ્યા હતા. આગ બૂઝાવવા માટેના વિવિધ ઉપકરણો દ્વારા ફાયર બ્રિગેડે આ સ્થિતિને કાબૂ લેવા નિદર્શન કર્યુ હતુ.

આ મોકડ્રીલ વિશે વિગતો આપતા અમરેલી જિલ્લા નિવાસી અધિક કલેક્ટરશ્રી, દિલિપસિંહ ગોહિલે કહ્યુ કે, સંભવિત યુદ્ધની સ્થિતિનું નિર્માણ થાય તો આ પ્રકારની સ્થિતિમાં નાગરિકોનો બચાવ કેવી રીતે કરવો તેની જાણકારી નાગરિકોને મળે અને જાહેર સ્થળોએ આવી ઘટના બને ત્યારે નાગરિકો કેવો પ્રતિભાવ આપે છે તે જાણવા માટે આ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આવા સંજોગોમાં આંતર વિભાગીય પ્રતિભાવ કેવો છે તેની વિગત પણ આ પ્રકારની મોકડ્રીલ દ્વારા મળી રહે છે. મોકડ્રીલમાં ફાયર બ્રિગેડ, ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા ૧૦૮, પોલીસ વિભાગનું આંતરિક સંકલન સાઢં રહ્યું છે. મોકડ્રીલ પૂર્ણ થયેથી નાગરિકોને વિવિધ પરિસ્થિતિમાં તેમણે શું કરવું તે અંગે તેમને માહિતગાર કરવામાં આવ્યા હતા.

મોકડ્રીલના સમાપનબાદ મુસાફરોને જાહેર સૂચના પ્રસારણ સિસ્ટમ પરથી માહિતી આપવામાં આવી હતી અને મોકડ્રીલ દરમિયાન સહયોગ બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. મોકડ્રીલના સમાપન બાદ બસ વ્યવહાર પૂર્વરત કરવામાં આવ્યો હતો.

આ મોકડ્રીલમાં અમરેલી પ્રાંત અધિકારીશ્રી શ્રી મહેશ નાકિયા, ફાયર ઓફિસર એચ સી ગઢવી, ઈમરજન્સી સેવા ૧૦૮, પોલીસ વિભાગ, આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મયોગીઓ જોડાયા હતા.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...

મગડી ગુંદીના લાડુ

નાયલોન તથા વાટીદાળનાં ખમણ

પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ

તેમજ અવનવા તાજા ફરસાણ મળશે

સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી

બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો

તેમજ અમારી સ્પે. આઈટમ ફરાળી ચટણી

હાજરમાં મળશે

શિવ

નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મો. ૭૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫











### બગસરા યાર્ડનાં ચેરમેન કાંતીભાઈ સતાસિયાની રજુઆત

# અમરેલી જિલ્લામાંથી થયેલ કમોસમી વરસાદથી ખેતી પાકોને વ્યાપક નુકસાન

### મુખ્યમંત્રીને પત્ર પાઠવીને સહાયની કરી માંગ

અમરેલી, તા. ૮


બગસરા માર્કેટયાર્ડનાં ચેરમેન કાંતિલાલ સતાસિયાએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવીને અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદથી થયેલ નુકસાનનુ સર્વે કરીને યુદ્ધનાં ધોરણે સહાય ચુકવવાની માંગ કરેલ છે.

તેઓએ પત્રમાં જણાવેલ છે કે,અમરેલી જિલ્લામાં છેલ્લા ૩–૪ દિવસથી પડતા કમોસમી વરસાદથી કેરી, તલ, મગ સહિતના ઉનાળુ પાકોને વ્યાપક નુકસાન થયુ હોય ખેડુતો પાયમાલ બન્યા હોય સર્વે કરી સહાય ચુકવવા માંગ કરેલ છે.

### અમરડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાની રજુઆત

# અમરેલી જિલ્લામાં થયેલ કમોસમી વરસાદથી ખેતી પાકોને વ્યાપક નુકશાન

### રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો





અમરેલી, તા.૮

અમરેલીની અમરડેરીનાં ચેરમેનઅશ્વિનસાવલીયાએમુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે. કે તારીખ ૬ને ૭/૫/૨૦૨૫ના રોજ થયેલ કમોસમીવરસાદથીઅમરેલીજીલ્લાના ખેડુતોને તલ, બાજરો, જુવાર, ડુંગળી, મગઅનેચીકુ,પપૈયા,કેરી, દાડમ, કેળ ા જેવા વિગેરે ઉનાળુ પાકોમાં મોટા પાયે નુકશાન થવા પામેલ છે. તેમજ પશુપાલકોના ઘાસચારાને વ્યાપક નુકશાન થવા પામેલ છે. તેવા સંજોગોમાં ઉપરોકત વિષય અનુસંધાને લગત વિભાગોને નુકશાની અંગેનો સત્વરે સર્વે કરાવીથયેલનુકસાનીનુંવળતરઅપાવવા અંતમાં માંગ કરેલ છે.

# અમરેલી મોઢ વણિક સમાજ દ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાયો



અમરેલી, તા. ૮

અમરેલી તા. ૮/૫/૨૫ મોઢ મહાજન વાડી ખાતે મોઢ વણિક કોમ્યુનિટી પ્રોપર્ટી તથા સુદર્શન નેત્રાલય અમરેલી તેમજ પારેખ રણછોડદાસ દેવચંદ વિદ્યાર્થીગૃહના સંગયુક ઉપક્રમે વિનામુલ્યે નેત્રનિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પ અંધશાળાના બાબુભાઈ બાબવાણીની ૧૨મી પુણ્યતીથી નિમિત્તે શ્રધ્ધાજંલિ રૂપે સમર્પિત કરેલ છે. આ કેમ્પમાં જ્ઞાતિ પ્રમુખ દિલીપભાઈ પરિખ, રાજુભાઈ પરિખ, ડો. રવિ પરમાર, સંજયભાઈ પરિખ, કિર્તીભાઈ ભટ્ટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. દિપપ્રાગટય બાદ પ્રવચનો થયેલ આ કેમ્પમાં ૪૦ દર્દીઓએ લાભ લીધેલ. જેમાંથી મોતીયાના ૧૯ દર્દીઓ હતા. મોતીયાના દર્દીઓના ઓપરેશન સુદર્શન નેત્રાલય ખાતે વિનામુલ્યે થશે તેમજ ચશ્માન ૭ દર્દીઓ હતા. ચશ્મા રાહતદરે અપાશે. આ કેમ્પમાં અંધ શાળાના ટીલવા સાહેબ, તુલસીભાઈ દુધરેજીયા, બાબુભાઈ, હિરેશભાઈ તેમજ પ્રકાશભાઈ આચાર્ય હાજર રહેલ હતા. એક વર્ષ સુધી દર મહિનાના બીજા ગુરૂવારે યોજાતો આ નવમો કેમ્પ હતો. તેમ સંસ્થાની યાદીમાં જણાવાયું છે.

### અમરેલી જિલ્લાનાં પ્રભારી સચિવ સંદિપકુમાર દ્વારા

# ઓપરેશન સિંદુરના પગલે સર્જાયેલી સ્થિતિ અંગે નાગરિકોને જાગૃત કરવા અંગે પુર્વ તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી

### ગેસ અને પેટ્રોલ-ડિઝલનો જથ્થો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે તેની તકેદારી લેવા નિર્દેશો







અમરેલી, તા.૮

અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદના લીધે થયેલા નુકશાન અને ઓપરેશન સિંદૂરના પગલે સર્જાયેલી સ્થિતિને કારણે આકસ્મિક સંજોગોમાં નાગરિકોના બચાવ માટેની પૂર્વ તૈયારીઓની સમીક્ષા અમરેલી જિલ્લાના પ્રભારી સચિવ સંદીપ કુમારે કરી હતી.

આસાથે પ્રભારી સચિવ સંદીપ કુમારે પીવાના પાણી, હિટવેવ અને પ્રિ–મોન્સૂન સહિતની કામગીરીની સમીક્ષા કરી હતી.

અમરેલી જિલ્લા પંચાયત ભવન ખાતે યોજાયેલ આ બેઠકમાં પ્રભારી સચિવશ્રીએ, જિલ્લામાં કમોસમી વરસાદના પગલે વિવિધ ખેત પાકોને થયેલા નુકશાનનો પ્રાથમિક અંદાજ મેળવ્યો હતો.

જિલ્લામાં પીવાના પાણી, જળ ાશયોમાં ઉપલબ્ધ જથ્થો, હિટવેવમાં નાગરિકો અને પશુઓની તંત્ર દ્વારા લેવાની થતી કાળજી સંદર્ભે જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા. પીવાના પાણી માટે સ્થાનિક સ્ત્રોત પર નિર્ભર ગામડાંઓમાં પીવાના પાણીની ગુણવત્તા ચકાસવા માટે નિયમિત રીતે ટેસ્ટિંગ કરવા માટે સૂચના આપી હતી. જિલ્લામાં ગયા વર્ષે થયેલા વરસાદ અને હાલ જિલ્લાના વિવિધ જળાશયમાં પાણીનો ઉપલબ્ધ જથ્થા વિશે પણ જિલ્લા પ્રભારી સચિવએ વિગતો મેળવી હતી.

કમોસમી વરસાદને પગલે જિલ્લામાં થયેલાં પ્રાથમિક અંદાજોની વિગતો આપવાની સાથે જિલ્લાના રસ્તાઓ શરૂ રહે અને જિલ્લાના તમામ ગ્રામ્ય–શહેરી વિસ્તારોમાં સાતત્યપૂર્ણ વીજ પુરવઠો રહે તે માટે અનુક્રમે માર્ગ અને મકાન તેમજ વીજ તંત્ર દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા, જિલ્લામાં માર્ગ અને વીજ પુરવઠો પૂર્વવત થયો હોવાની વિગતો ઈન્ચાર્જ કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાએ આપી હતી. પ્રિ – મોન્સૂન સંદર્ભે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી પૂર્વ તૈયારીઓ વિશે પણ તેમણે પ્રભારી સચિવને અવગત કર્યા હતા.

અમરેલી જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ સાથેની આ બેઠકમાં પ્રભારી સચિવએ જિલ્લાની દરિયાઈ સરહદે જરૂરી સુરક્ષા વ્યવસ્થાઓ સંદર્ભે સાવચેતી રાખવા અર્થે કરવાના થતાં કાર્યો વિશે જણાવ્યું.ઓપરેશન સિંદૂરના પગલે સર્જાયેલી સ્થિતિને કારણે આકસ્મિક સંજોગોમાં નાગરિકો ઉપરાંત વિશેષ તો પશુઓ અને બાળકોના બચાવ માટેની નિયત માર્ગદર્શિકાઓ અને પ્રયુક્તિઓથી નાગરિકોને અવગત કરવા સૂચના સાથે બ્લેકઆઉટ વિશે પણ જરૂરી પરામર્શ કરવામાં આવ્યો હતો.

નાગરિકો સુધી સાચી અને યોગ્ય વિગતો પહોંચે અને નાગરિકો સજાગ રહે તે માટે જરૂરી પગલાં ભરવામાં આવે તે માટે પણ તેમણે સંબંધિત કચેરીઓના વડાઓને સૂચનાઓ આપી હતી. પ્રભારી સચિવે આરોગ્ય વ્યવસ્થા અને ઉપલબ્ધ સુવિધાઓ બાબતે પણ જરૂરી વિગતો મેળવી હતી.

પ્રભારી સચિવે, આવશ્યક ચીજ વસ્તુઓનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ રહે અને ગેરકાયદે સંગ્રહખોરો વિરૂધ્ધ જરૂરી તપાસ અને કાર્યવાહી કરવા અને જિલ્લામાં ગેસ અને પેટ્રોલ ડિઝલનો જથ્થો પણ પૂરતા પ્રમાણમાં જળવાઈ રહે તે માટે તકેદારી લેવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

આ સંદર્ભમાં ઈન્ચાર્જ કલેક્ટરે, નાગરિકોની સુરક્ષા માટે તાલુકા વાર એક્શન પ્લાન બનાવવા અને અધિકારી–કર્મચારીઓ એલર્ટ રહી હેડ ક્વાર્ટરમાં ઉપસ્થિત રહેવા સૂચના આપી હતી. નિવાસી અધિક કલેકટર દિલીપસિંહ ગોહિલે આ બેઠકની રૂપરેખા જણાવી હતી. બેઠકમાં, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જાડેજા, અમરેલી પ્રાંત અધિકારી નાકિયા, લાઠી – બાબરા પ્રાંત અધિકારી નીરવ બ્રહ્મભટ્ટ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી અર્પણ ચાવડા, તાલુકા અને શહેર મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારી, ફાયર, આરોગ્ય, પંચાયત, પ્રાથમિક શિક્ષણ, શિક્ષણ, આયુર્વેદ, એસ.ટી. પાણી પુરવઠા, વાસ્મો, ખેતી, પોલીસ, આપત્તિ વ્યવસ્થાપન, પશુપાલન, મત્સ્યોદ્યોગ, વીજ, સમાજ કલ્યાણ સહિત વિવિધ કચેરી અને શાખાઓના અધિકારીઓ વીડિયો કોન્ફરન્સના માપ્રયમથી આ બેઠકમાં જોડાયા હતા.

### ધો. ૧૦ વાર્ષિક પરીક્ષામાં

# કતારગામ : ગજેરા વિદ્યાભવનની મુક બધીર વિદ્યાર્થીનીને ૬૦ ટકા પરિણામ

### વિદ્યાર્થીનીનો જુસ્સો અનેરો છે



અમરેલી, તા. ૮

અમરેલી ગજેરા વિદ્યાભવન કતારગામ ખાતે ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતી ધોરણ ૧૦ની વિદ્યાર્થીની હિરપરા જાનવી જગદીશભાઈ મુક બધીર છે એટલે કે કે તે બિલકુલ બોલી કે સાંભળી શકતી નથી છતાં પણ ધોરણ ૧૦ની પરીક્ષામાં ૬૦% મેળવી પોતાની પ્રતિભા બતાવી છે. સાથે સાથે આ વિદ્યાર્થીની ડ્રોઈગમાં ખુબ જ આગળ પડતી છે જિલ્લા કક્ષાને રાજય કક્ષાની ડ્રોઈગ સ્પર્ધામાં હંમેશા પ્રથમ નંબર પર રહે છે. આ વિદ્યાર્થીનીએ ઘણા બધા નેતાઓના ક્રેચ બનાવી એમને ભેટ આપવામાં પણ આવ્યા છે. આ વિદ્યાર્થીની હાલ જુદા જુદા આર્ટ બનાવી મહિને ૨૦ થી ૨૫ હજાર રૂપીયા કમાઈ રહી છે. અને પોતાના પગભર થઈ રહી છે. તે ખુબ જ આનંદની વાત કહેવાય અને આ વિદ્યાર્થીની કોમર્સમાં આગળ વધી ધંધા સાથે આર્ટને સાંકળી કંઈક વિશેષ કરવાની ઈચ્છા છે તેના માતાપિતા તેને હંમેશા સપોર્ટ કરે છે અને ગજેરા શાળામાં ધોરણ ત્રણથી અભ્યાસ કરે છે. શાળાનો સપોર્ટ પણ ખુબ સરસ રહ્યો છે. આમ પરિવાર અને શાળાના ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરાએ આ વિદ્યાર્થીની સફળતા બદલ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે.

# અમરેલી : નરેન્દ્ર મોદી વિચાર મંચનાં મીડીયા ઈન્ચાર્જ મહેશ ટાંકનો આજે જન્મદિવસ



અમરેલી, તા.૮

બાળપણથી ભારતીય પાર્ટી સાથે જોડાયેલ એક અદના કાર્યકર્તા અમરેલી જિલ્લાના લોકપ્રિય ફોટોગ્રાફર ૯મેંના રોજ દાનમહારાજની ભૂમિ ચલાલા મુકામે જન્મેલ મહેશ ટાંક સફળતા પૂર્ણ કરી નવા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. ત્યારે જન્મદિવસની અનેકાનેક શુભેકામનાઓ.

# બગસરામાં સતત ૩જા દિવસે વરસાદ પડતા ખેડૂતોની સ્થિતિ દયનીય બની



બગસરા, તા. ૮

બગસરામાંઆજેસતત ત્રીજા દિવસેવરસાદ પડતાજગતનોતાતમુશ્કેલીમાં મુકાઈ ગયો છે જયારે ત્રણ દિવસની અંદર ૭૧ એમ.એમ. જેટલો વરસાદ નોંધાઈ ચૂકયો છે ત્યારે વિકટ પરિસ્થિતિ નો સામનો કરવો પડે એવુંપરિસ્થિતિનુંનિર્માણ થયુંછે વરસાદ પડતાની સાથે જ બગસરા સાહેબની વીજ પુરવઠો પણ ગુલ થતો જોવા મળી રહ્યો છે જરા આજે ત્રીજા દિવસે ૧ ૧ મીલીમીટર વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

# અમરેલીનાં હરિપુરા ખાતે ર૩૦ લાખનાં ખર્ચે તૈયાર થયેલ સ્લેબ ડ્રોનનું લોકાર્પણ



અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્યદંડક કૌશિકભાઈ વેકરિયાના હસ્તે અમરેલી તાલુકાના હરિપુરા ખાતે હરિપુરા–સુરગપુરા રોડ પર અંદાજીત રૂા. ૨૩૦ લાખના ખર્ચે તૈયાર થયેલ ૩ સ્લેબડ્રોનનુંલોકાર્પણ કર્યુંતેમજ અંદાજીત ૨૦ લાખના ખર્ચે માંગવાપાળ એપ્રોચ રોડના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કર્યુ. સર્વજન હિતાય સર્વજન સુખાયના મૂળ મંત્રનેસાર્થક કરવાના હેતુથી મતવિસ્તારના છેવાડાના નાગરિકોની સુખાકારીમાં ઉતરોતરવધારોકરવાછેલ્લાઘણાદિવસોથી પ્રાથમિકશિક્ષણ,આરોગ્ય,ખેતીઅનેખેડુત તેમજરોડરસ્તાઅનેસિંચાઈનેમુખ્યલક્ષ્યમાં રાખીને અનેક વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં ઉપરોકત ત્રણ સ્લેબડ્રોનનોવધારોથશેસ્લેબડ્રોનનહોવાને કારણે અગાઉ વરસાદના સમયે પાણી ભરાવાનાલીધેરસ્તોબંધથઈજવાથીવાહન વ્યવહાર, બસ સુવિધા ૧૦૮ જેવા ઈમરજન્સી વાહનો સહિત ખેડુતોને અનેક અગવડ પડતી હતી. આમ વર્ષો જૂની માંગ પૂર્ણ થતા મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. તથાધારાસભ્યનોઆભારવ્યકતકર્યો હતો. માંગવાપાળ એપ્રોચ રોડ અંગે પણ ટેન્ડર પ્રક્રિયામાં વિલંબના કારણે ઘણા સમયથી કામ શરૂ થતું ન હતું જેમાં રિવ્યુ બેઠકમાંધ્યાનેઆવતાતાત્કાલિકકાર્યપાલક ઈજનેરને સૂચના આપી કામનું ખાતમુહૂર્ત કર્યુ હતું. ધારાસભ્ય ધ્વારા સતત અમરેલી તાલુકાના વિવિધ પ્રશ્નોનેહંમેશાપ્રાધાન્યતા આપી અને જિલ્લા મથક અમરેલી સાથે ગ્રામ્ય વિસ્તારોના વિકાસને પ્રાધાન્ય આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ પસંગે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતનાચુંટાયેલાપદાધિકારીઓ,તાલુકા ભાજપ સંગઠનના હોદેદારો, ગ્રામ પંચાયતના આગેવાનો સહિત મોટી સંખ્યા વિસ્તારના રહીશો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ : રઘુવંશી અગ્રણી કિરીટભાઈ કેસરીયાનો આજે ૭૨મો જન્મદિન



અમરેલી, તા. ૮

રઘુવંશી અગ્રણી કિરીટભાઈ કેસરીયાનો તા.૯મે શુકવારનાં રોજ ૭૨માં વર્ષેમાં મંગલ પ્રવેશ. સૌરાષ્ટ્રના સેવાક્ષેત્રમાં અનેક સંસ્થા સાથે જોડાયેલા કિરીટભાઈ કેસરીયાનું નામ એક અદના કાર્યકર તરીકે જાણીતું છે. તન, મન, ધન, વચન, કર્મથી સતત સકિય અને યુવાનોને શરમાવે તેવી સ્ફૂર્તિથી સેવારત કિરીટભાઈ છેલ્લા ૨૭ વર્ષથી ખાસ કરી લોહાણા જ્ઞાતિનો વિકટ પ્રશ્ન બની ગયેલ દિકરા દિકરીનાં વેવિશાળના મુદે કાર્યરત છે. સમગ્ર ભારતમાં નવા જમાનાને અનુરૂપ વોટસએપ ધ્વારા ૭૦ ગ્રુપની શરૂઆત કરી હજારો દિકરા, દિકરીઓની માહિતી ઘરે બેઠા પરસ્પર મળી રહે તે માટે બાયોડેટાની આપ–લે કરી નવતર પ્રયાસ કર્યો છે. રાજકોટના નામાંકિત રઘુવંશી અગ્રણીઓ, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, કિરીટભાઈની આ સેવાનો લાભ લેવા સદા તત્પર હોય છે અને તે લોકોની પ્રશંસાપત્ર બની ગયેલ છે. રઘુવંશી સમાજ માટે આશીર્વાદરૂપ સેવા વિનામુલ્યે અને વિના અપેક્ષાએ કિરીટભાઈ ચલાવી રહયાંછે. હવે મેરેજ બ્યુરો સુધી કારણોવસાત ન પહોંચી શકતા લોકો માટે વોટસએપથી સેવા એટલે મેરેજ બ્યુરો સેવા તમારી મુઠીમાં કે તમારા ડુંગળીના ટેરવે એવું કહેવાતુ થયું છે.

વોટસએપ ધ્વારા જબરો પ્રતિસાદ મળી રહયો છે. ઝડપી ત્વરીત સેવાનાં કારણે લગભગ દર માસે ૧૫ થી ૨૦ સગપણો થાય છે. કિરીટભાઈ કેશરીયાની માનવતાવાદી સેવા ખુબ જ સહજ અને સમાજ પ્રત્યેની પોતાની પવિત્ર સેવા સમજી કરી રહયા. ઉપરાંત રાજકોટમાં તેના રોજીંદા ક્રમમાં સવારથી રાતનાં મોડે સુધી કિરીટભાઈ મોબાઈલ રણકતો રહે છે અને દરેક લોકોને પ્રેમપૂર્વક જવાબો અને માર્ગદર્શન આપે છે. ગુજરાત ગૌરવ ફાઉન્ડેશનમાં એડમીન તરીકે કિરીટભાઈ સેવા આપી રહયાં છે. આ વિશ્વના એકમાત્ર ગુજરાતીઓનું મોટું ફાઉન્ડેશન છે જેમાં ૨ લાખ મેમ્બર બનાવવાનું સંકલ્પ છે.

કિરીટભાઈ આ ઉપરાંત અનેક મેરેજ બ્યુરોમાં પોતાની નિઃસ્વાર્થ સેવા આપી રહયા છે. અનેક દિકરા દિકરીઓના સગપણો તેઓના ધ્વારા થયા છે. કિરીટભાઈ કેસરીયા લોહાણા મહાપરિષદ મેરેજ બ્યુરો કમિટી, અખિલ ગુજરાત લોહાણા સમાજ, અખિલ સૌરાષ્ટ્ર–કચ્છ રઘુવીર સેના, રઘુવંશી પરિવાર સહિતના જ્ઞાતિ સંસ્થાઓમાં સતત સકિય છે. બિલશ્વર મહાદેવ મંદિરના પ્રમુખપદે સેવા આપી રહયા છે. વિજય બેંકમાં અધિકારી પદે રહી નિવૃત થયેલા કિરીટભાઈ હાલમાં નાગરિક બેંકની યાજ્ઞીક રોડ શાખામાં વિકાસ કમિટીમાં પણ મેમ્બર અધિકારી તરીકે સેવા આપી રહયા છે. સંબંધોના માનવી એવા કિરીટભાઈ કોઈપણ જાણીતા કે અજાણ્યા લોકોને મુશ્કેલીમાં સહાયરૂપ થવા તત્પર રહે છે. રઘવંશી સમાજના મૂક સેવક કિરીટભાઈ કેસરીયાને જન્મદિન નિમીતે શુભેચ્છા આશીર્વાદ આપવા મો. ૭૯૮૪૫ ૦૭૭૭૦, વોટસએપ મો.નં ૯૮૨૪૨ ૨૪૨૭૦.

### ચિનાબ નદીના બગલિહાર-સલાલ ડેમના ગેટ ખોલ્યાં

# ઓપરેશન સિંદૂર બાદ ભારતની ફરી વૉટર સ્ટ્રાઈક

## ભારતે બગલિહાર અને સલાલ ડેમના ગેટ ખોલી દેતા પાકિસ્તાનના વિભિન્ન વિસ્તારોમાં પૂરની સ્થિતિ ઉત્પન્ન થઈ

નવી દિલ્હી, તા.૮

LOC પર નિર્દોષ નાગરિકોને ટાર્ગેટ કરી રહેલા પાકિસ્તાનન પર ભારતે ફરી વૉટર સ્ટ્રાઈક કરી છે. ગોળીબાર કર્યા વિના પાકિસ્તાનને પાઠ ભણાવવા માટે ભારતે ફરી એક વખત ચિનાબનો સહારો લીધો છે. ભારતે બગલિહાર અને સલાલ ડેમના ગેટ ખોલી દીધા છે, જેનાથી પાકિસ્તાનના વિભિન્ન વિસ્તારોમાં પૂરની સ્થિતિ ઉત્પન્ન થઈ છે.

પાકિસ્તાનના સરહદી વિસ્તારોમાં સૈન્ય ગતિવિધિઓ પણ પ્રભાવિત થઈ છે. છેલ્લા પાંચ દિવસોમાં ભારતે બીજી વખત તેના પર વૉટર સ્ટ્રાઈક કરી છે. આ અગાઉ રવિવારે ભારત સરકારે ચિનાબ નદીના પાણીનો પ્રવાહ બંધ કરી દીધો હતો, જેના કારણે પાકિસ્તાનમાં દુષ્કાળની સ્થિતિ સર્જાઈ હતી અને તેના વિવિધ જળવિદ્યુત પ્રોજેક્ટ બંધ થઈ ગયા હતા.

જોકે, ભારતે બીજા દિવસે સોમવારે પાણી છોડી દીધુ હતું. ઉલ્લેખનીય છે કે ઓપરેશન સિંદૂરથી બોખલાઈ ગયેલા પાકિસ્તાને મંગળવાર રાતથી ભારતના સરહદી વિસ્તારો પર ગોળીબાર શરૂ કરી દીધો છે. આ ગોળીબારમાં એક જવાન શહીદ થઈ ગયો છે અને ૧૪ નાગરિકોએ જીવ ગુમાવ્યા છે. લગભગ ૧૦૦ નાગરિકો ઘાયલ થયા છે.

સબંધિત સૂત્રોએ જણાવ્યું કે, ગત રાત્રે ડોડા-કિશ્તવાડ, રિયાસીમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. તેને ધ્યાનમાં રાખીને બગલિહાર અને સલાલ ડેમમાં પાણીના પ્રવાહને રોકવા અને જાળવવા માટે બનાવવામાં આવેલા બે વધારાના ગેટ ખોલી દેવામાં આવ્યા છે. આના કારણે રિયાસી નીચે અખનુરમાં પાણીનું સ્તર ૨૦ ફૂટથી ઉપર વધી ગયું છે.

તેનાથી અખનૂરની નીચે પાકિસ્તાનના વિસ્તારોમાં પણ પૂરની સ્થિતિ ઉત્પન્ન થઈ છે. જોકે, તેની પુષ્ટિ નથી થઈ. પરંતુ સબંધિત સૂત્રોએ જણાવ્યું કે, ગઢખાલ અને પરગવાલ સેક્ટરની પાર પકિસ્તાની ક્ષેત્રોમાં પાણી ભરાઈ ગયું છે. સૂત્રોનું માનીએ તો સિંધુ જળ સંધિ હેઠળ પાકિસ્તાનને ચેનાબના પાણીનો પ્રવાહ રોકવા અથવા ચેનાબ પર બનેલા ડેમમાંથી અચાનક પાણી છોડતા પહેલા જાણ કરવામાં આવી હતી. હવે આ સંધિ સ્થગિત કરી દેવામાં આવી છે, તેથી હવે તેની જાણ કરવામાં નથી આવતી અને ભારત જ્યારે ઈચ્છે ત્યારે પાકિસ્તાનમાં દુષ્કાળ અને પૂરની સ્થિતિ ઉત્પન્ન કરી શકે છે.

### હજુ પૂરું નથી થયું ઓપરેશન સિંદૂર

# રક્ષામંત્રીએ જણાવ્યું કેટલા આતંકવાદીઓનો ખાતમો થયો

## રક્ષામંત્રીએ કહ્યું કે આ હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૦૦ આતંકવાદીઓ માર્યા ગયા છે : કિરેન રિજિજુએ વાતની પુષ્ટિ કરી

નવી દિલ્હી, તા. ૮

કેન્દ્ર દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે મોટી વાત કહી છે. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર હજુ સમાપ્ત થયું નથી. તેમણે કહ્યું કે આ હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૦૦ આતંકવાદીઓ માર્યા ગયા છે. સર્વપક્ષીય બેઠક બાદ કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ પણ આ વાતની પુષ્ટિ કરી છે. બુધવારે રાત્રે ભારતીય સેનાના હવાઈ હુમલામાં પાકિસ્તાન અને પીઓકેમાં ઓછામાં ઓછા ૯ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કરવામાં આવ્યો હતો. અહેવાલો કહે છે કે આતંકવાદીઓના ઓછામાં ઓછા ૧૨ આવા ઠેકાણા હજુ પણ બાકી છે.

સર્વપક્ષીય બેઠક બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, અમે સંકટના સમયમાં સરકારની સાથે છીએ. દરમિયાન, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે જો પાકિસ્તાન હુમલો કરશે તો ભારત પણ વળતો જવાબ આપશે. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે ઓપરેશન વિશે વધુ ટેકનિકલ માહિતી આપી શકાતી નથી. સર્વપક્ષીય બેઠક બાદ, કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે રાજકીય નેતાઓએ સશસ્ત્ર દળોને તેમની કાર્યવાહી બદલ અભિનંદન આપ્યા.

ખડગેએ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને અન્ય નેતાઓની હાજરીમાં જણાવ્યું હતું કે સરકારે પહેલગામ હુમલા પછી પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં નવ સ્થળોએ ભારતીય સશસ્ત્ર દળો દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી વિશે તમામ રાજકીય પક્ષોને જાણ કરી છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય સુરક્ષાનો હવાલો આપતા, સરકારે કહ્યું છે કે તે હાલમાં કેટલીક ગુપ્ત માહિતી જાહેર કરી શકતી નથી. શ્રી ખડગેએ કહ્યું કે આવા સંકટના સમયમાં, અમે આ માટે સરકાર પર દબાણ નથી કરી રહ્યા અને રાષ્ટ્રીય હિતમાં સરકારની સાથે ઉભા છીએ.

ગાંધીએ કહ્યું કે અમે સરકારને સંપૂર્ણ સમર્થન આપ્યું છે. તેમણે કહ્યું કે જેમ ખડગેજીએ કહ્યું છે, સરકારે કહ્યું છે કે તે કેટલીક બાબતો પર ચર્ચા કરવા માંગતી નથી. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે રાજકીય પક્ષો લોકોનો અવાજ છે અને બધા નેતાઓ એક અવાજમાં બોલી રહ્યા છે અને આ સરકારની સફળતા છે. એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર પછી, સતત વિકાસ થઈ રહ્યો છે અને તેથી અધિકારીઓને બેઠક માટે બોલાવવામાં આવ્યા નથી. તેમણે કહ્યું કે રાજકીય પક્ષો સાથે આગળની કાર્યવાહી અંગે પણ ચર્ચા કરવામાં આવી છે.

આ બેઠક સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ ઉપરાંત સરકાર વતી ગૃહ મંત્રી અમિત શાહ, જગત પ્રકાશ નડ્ડા, વિદેશ મંત્રી એસ જયશંકર, નાણામંત્રી નિર્મલા સીતારમણ, સમાજવાદી પાર્ટીના રામ ગોપાલ યાદવ, ડીએમકેના ટીઆર બાલુ, એઆઈએમ આઈએમના અસદુદ્દીન ઓવૈસી, તૃણમૂલ કોંગ્રેસના શ્રીમતી સુદિપસિંહ, શિવસેનાના શ્રીમતી સુદિપસિંહ, શિવસેનાના શ્રીમતી એ. આ બેઠકમાં આદમી પાર્ટીના સંજય સિંહ, માર્ક્સવાદી પાર્ટીના જોન બ્રિટાસ, લોક જન શક્તિ પાર્ટીના ચિરાગ પાસવાન, બીજુ જનતા દળના સસ્મિત પાત્રા અને ડીએમકેના તિરુચી સિવાએ ભાગ લીધો હતો.

### મિસાઈલ હુમલાનો દાવો

# લાહોરમાં એક બાદ એક સતત 3 ધડાકાથી હચમચી ઉઠ્યું પાકિસ્તાન

## આ ઘટના ભારતના ઓપરેશન સિંદૂર કાર્યવાહી બાદ વધેલા તણાવ વચ્ચે ઘટી અને આથી લોકોમાં ચર્ચા છે

લાહોર, તા.૮

પહેલગામ આતંકી હુમલા બાદ ભારતીય સેનાએ હાથ ધરેલા ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાનમાં રીત સરનો ખૌફનો માહોલ છે. આ જ કડીમાં હવે એક મોટા સમાચાર સામે આવ્યા છે. એવો દાવો કરાયો છે કે પાકિસ્તાનના લાહોરમાં એક બાદ એક ત્રણ ધડાકા થયા છે. ગુરુવારે સવારે આ ધડાકાના સમાચાર સામે આવ્યા. કેટલાક સ્થાનિક સ્ત્રોતો અને સોશિયલ મીડિયા પોસ્ટ્સે આ મિસાઈલ હુમલો હોવાનો દાવો કર્યો છે. આ ઘટના ભારતના ઓપરેશન સિંદૂર કાર્યવાહી બાદ વધેલા તણાવ વચ્ચે ઘટી અને આથી લોકોમાં ચર્ચા છે. જલદી આ અંગે કોઈ અધિકૃત પુષ્ટિ થઈ શકે છે.

નોંધનીય છે કે આ ધડાકા ૭મેના રોજ ભારતે પાકિસ્તાન અને પીઓકેના ૯ આતંકી ઠેકાણાઓ પર કરેલી પ્રિસિઝન મિસાઈલ એટેક બાદ થયા છે. ભારતે આ હુમલો પહેલગામ આતંકી હુમલાના જવાબમાં ઓપરેશન સિંદૂર હેઠળ કર્યો હતો. હવે લાહોરમાં ધડાકા સંભળાઈ રહ્યા છે. એવા સમાચાર છે કે સમગ્ર લાહોરમાં સાઈરનો વાગી રહી છે અને લાહોર એરપોર્ટ બંધ કરાયું છે.

હજુ સુધી પાકિસ્તાની અધિકારીઓ કે સેના દ્વારા આ ધડાકાઓની મિસાઈલ હુમલા તરીકે પુષ્ટિ થઈ નથી. જો કે પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સમાં એવું જરૂર કહેવાયું છે કે વિસ્તારમાં સુરક્ષાદળો તૈનાત છે અને લોકોને નજીક જતા રોકવામાં આવી રહ્યા છે. ધડાકાઓ બાદ લાહોરમાં ઈમરજન્સીની જાહેરાતના અહેવાલો છે અને સ્થાનિક લોકોમાં ડરનો માહોલ હોવાનું કહેવાય છે.

પાકિસ્તાનના કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરાયો છે કે લાહોરમાં ડ્રોનથી હુમલો થયો છે. લાહોર એરપોર્ટ પાસે ધડાકાનો અવાજ અનેક કિલોમીટર સુધી સંભળાયો છે. ત્યારબાદ સાઈરનનો અવાજ સંભળાયો. સમાચાર એજન્સી રોયટર્સના જણાવ્યાં મુજબ પાકિસ્તાની અધિકારીઓનું કહેવું છે કે આ ધડાકાઓની જગ્યા અને તેમના કારણની માહિતી મેળવવામાં આવી રહી છે.

લાહોરના ગોપાલ નગર અને નસીરાબાદ વિસ્તારોમાં વોલ્ટન એરપોર્ટ પાસે વોલ્ટન રોડ પર અનેક ધડાકા સંભળાયા. લોકો ગભરાઈને ઘરોમાંથી બહાર નીકળી આવ્યા.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ધડાકા બાદ લાહોર એરપોર્ટને અસ્થાયી રીતે બંધ કરાયું છે. અત્રે જણાવવાનું કે આ વિસ્ફોટ જ્યાં થયો છે ત્યાં વોલ્ટન એરપોર્ટ પાસે પાકિસ્તાની આર્મીનું યુનિટ છે. સૂત્રોનું માનીએ તો કરાચી એરપોર્ટ પણ હાલ ફ્લાઈટ ઓપરેશન માટે બંધ કરાયું છે.

### ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે મોટા સમાચાર

# પંજાબ કિંગ્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચેની મેચ અમદાવાદમાં રમાશે

## પંજાબ કિંગ્સ-મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચેની મેચ ધર્મશાળાથી અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ખસેડવામાં આવી

નવી દિલ્હી, તા.૮

ધર્મશાલામાં યોજાનારી IPL મેચનું સ્થળ બદલવામાં આવ્યું છે. આ નિર્ણય પાછળનું કારણ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતો તણાવ છે. ૭ મેના રોજ ભારતે પાકિસ્તાન અને PoK વિસ્તારોમાં આતંકવાદી ઠેકાણાઓ પર કાર્યવાહી કરી હતી, ત્યારબાદ બંને દેશો વચ્ચે તણાવ છે. તે તણાવને ધ્યાનમાં રાખીને, ૧૧ મેના રોજ ધર્મશાલામાં યોજાનારી મેચનું સ્થળ બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ધર્મશાલા મેચ હવે અમદાવાદમાં યોજાશે.

ગુજરાત ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી અનિલ પટેલે મેચ ધર્મશાળાથી ખસેડવાની માહિતી આપી હતી. તેમણે કહ્યું કે ૧૧ મેના રોજ યોજાનારી પંજાબ કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની મેચ હવે અમદાવાદ ખસેડવામાં આવી છે. IPL 2025માં અમદાવાદ ગુજરાત ટાઈટન્સનું હોમ ગ્રાઉન્ડ છે.

ઓપરેશન સિંદૂર બાદ ધર્મશાલા એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યું છે. આ કારણે ટીમોને મુસાફરીમાં ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો હતો. આ મેચ ૧૧ મેના રોજ રમવાની હતી. ઉલ્લેખનીય છે કે ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન પર હુમલો કર્યો છે. પહેલગામ આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે આ હુમલો કરવામાં આવ્યો છે. ઓપરેશન સિંદૂરમાં, ભારતીય સેનાએ પાકિસ્તાનમાં સ્થિત નવ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો છે. ભારતના ઘણા એરપોર્ટ ૧૦ મેના રોજ સવારે ૫.૩૦ વાગ્યા સુધી બંધ કરવામાં આવ્યા છે. જે એરપોર્ટ બંધ કરવામાં આવ્યા છે તેમાં ધર્મશાળા, જમ્મુ, શ્રીનગર, લેહ, ચંદીગઢ, જોધપુર, અમૃતસર, ભૂજ, જામનગર અને રાજકોટનો સમાવેશ થાય છે.

તમને જણાવી દઈએ કે ધર્મશાલા પંજાબ કિંગ્સનું બીજું હોમ ગ્રાઉન્ડ છે. પંજાબનું હોમ ગ્રાઉન્ડ મુલ્લાનપુર, ન્યુ ચંદીગઢ છે. આ સુંદર સ્ટેડિયમમાં IPL 2025ની ત્રણ મેચ યોજાવા જઈ રહી છે. પંજાબ અહીં લખનૌ સુપર જાયન્ટ્સ સામે પહેલાથી જ એક મેચ રમી ચૂક્યું છે. આ મેચ ૪ મેના રોજ રમાઈ હતી. પંજાબની ટીમે અહીં લખનૌ સામે કારમી હાર આપી હતી. પરંતુ પાકિસ્તાન સરહદની નજીક હોવાથી આ મેદાન પર બાકીની મેચો રમવાની શક્યતા ઘણી ઓછી થઈ ગઈ છે.

### પાકિસ્તાનનું નવું ષડયંત્ર શું છે?

# જમ્મુમાં ૭૨ કલાકનું એલર્ટ ગામડાં ખાલી કરવામાં આવ્યા

## બોર્ડર પારથી થઈ રહેલા ગોળીબારને ધ્યાનમાં રાખીને બોર્ડર આવેલા જિલ્લાઓમાં હાઈ એલર્ટ જાહેર કરાયું

જમ્મુ, તા. ૮

'ઓપરેશન સિંદૂર' પછી જમ્મુ અને કાશ્મીરના સરહદી વિસ્તારોમાં પાકિસ્તાન દ્વારા અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. જેને ધ્યાનમાં રાખીને ભારત-પાક સરહદ પર વધારાની સાવધાની રાખવામાં આવી રહી છે.

બોર્ડર પારથી થઈ રહેલા ગોળીબારને ધ્યાનમાં રાખીને જમ્મુ અને કાશ્મીરની બોર્ડર આવેલા જિલ્લાઓમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. શાળાઓ અને કોલેજો પણ બંધ કરી દેવામાં આવી છે. બોર્ડરને અડીને આવેલા ગામડાઓને ખાલી કરાવવામાં આવી રહ્યા છે. કેન્દ્રશાસિત પ્રદેશની કાશ્મીર ખીણને પણ એલર્ટ મોડ પર રાખવામાં આવી છે. બુધવારે રાત્રે રાજસ્થાનમાં સરહદે આવેલા બાડમેર અને જોધપુરમાં સંપૂર્ણ બ્લેકઆઉટ થયું હતું. બાડમેર, જેસલમેર અને શ્રીગંગાનગરમાં શાળાઓને આગામી આદેશ સુધી બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. પાકિસ્તાન સરહદ નજીકના પોતાના ગામડાઓ ખાલી કરાવી રહ્યું છે. આને એક મોટા ષડયંત્ર તરીકે જોવામાં આવી રહ્યું છે. જેને લઈને, શ્રીગંગાનગરમાં સરકારી કર્મચારીઓ અને અધિકારીઓની રજા રદ કરવામાં આવી છે. સાવચેતીના પગલા તરીકે અહીં શાળાઓ, કોલેજો અને તમામ પ્રકારની સંસ્થાઓ બંધ કરી દેવામાં આવી છે.

જમ્મુ અને કાશ્મીરના સાંબા અને કઠુઆ જિલ્લા ઉપરાંત, જમ્મુ જિલ્લાના આરએસપુરા વિસ્તારમાં આગામી ૭૨ કલાક માટે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ એલર્ટ હેઠળ બોર્ડર ઉપર આવેલા વિસ્તારોમાં રહેતા લોકોને શક્ય તેટલી વહેલી તકે ગામડાઓ ખાલી કરવા કહેવામાં આવ્યું છે. પંજાબના બોર્ડર પર આવેલા જિલ્લાઓના ગામડાઓને પણ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. ફિરોઝપુર જિલ્લાના કેટલાક સરહદી ગામોના લોકોએ સલામત સ્થળોએ આશ્રય લેવાનું શરૂ કરી દીધું છે.


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી. -Ad 047

**સંકુલ ધો. ૧૦ પરિણામ – 95 UP - PR**

| ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | વિભાગ | PR | ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | વિભાગ | ગ્રેડ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગજેરા નીયતી એમ. | BNV સ્કૂલ | 99.73 | ૩૦ | પરમાર કૃપાલી એસ. | LPT સ્કૂલ | 96.63 |
| ૨ | પટેલ તરજાણી પી. | LPT સ્કૂલ | 99.73 | ૩૧ | સોલંકી મહેક એમ. | BNV સ્કૂલ | 96.50 |
| ૩ | ડીબડીયા સારથી એ. | BNV સ્કૂલ | 99.69 | ૩૨ | તળાવીયા નિકીતા જી. | BNV સ્કૂલ | 96.50 |
| ૪ | સાવલીયા બંસી પી. | BNV સ્કૂલ | 99.69 | ૩૩ | ઉનાગર વૈભવી જે. | BNV સ્કૂલ | 96.50 |
| ૫ | માયાણી પરીશા જી. | BNV સ્કૂલ | 98.81 | ૩૪ | આસોદરીયા પલક એસ. | GSEB સ્કૂલ | 96.50 |
| ૬ | રાઠોડ સ્મીત કે. | [illegible] સ્કૂલ | 98.81 | ૩૫ | મેંદપરા સોમીયા એસ. | BNV સ્કૂલ | 96.36 |
| ૭ | શેલડીયા ધામી એ. | GSEB સ્કૂલ | 98.71 | ૩૬ | સુતરીયા ઉર્વી એ. | LPT સ્કૂલ | 96.36 |
| ૮ | વાણી જીલ ટી. | GSEB સ્કૂલ | 98.71 | ૩૭ | સુખવાણી નિવીતા આર. | BNV સ્કૂલ | 96.07 |
| ૯ | મુંડ વિશ્વા એન. | LPT સ્કૂલ | 98.42 | ૩૮ | ખાત્રા શ્રી પી. | BNV સ્કૂલ | 96.07 |
| ૧૦ | અનસારી શીફા એ. | BNV સ્કૂલ | 98.31 | ૩૯ | ગજેરા વિશ્વા જે. | BNV સ્કૂલ | 96.07 |
| ૧૧ | આવીસી જાન્વી વી. | BNV સ્કૂલ | 98.20 | ૪૦ | ગોસ્વામી જેની વી. | BNV સ્કૂલ | 95.93 |
| ૧૨ | ગેલાણી માહી બી. | BNV સ્કૂલ | 98.10 | ૪૧ | ડોબરીયા હેની એલ. | LPT સ્કૂલ | 95.93 |
| ૧૩ | મકવાણા અક્ષરા એસ. | BNV સ્કૂલ | 97.99 | ૪૨ | વ્યાસ હિર વી. | BNV સ્કૂલ | 95.79 |
| ૧૪ | કનજારીયા દેવાંશી કે. | LPT સ્કૂલ | 97.99 | ૪૩ | કોટડીયા સોનમ એમ. | BNV સ્કૂલ | 95.64 |
| ૧૫ | ભમ્મર ભાવીશા આર. | LPT સ્કૂલ | 97.99 | ૪૪ | ભૂવા કૃપિ ડી. | BNV સ્કૂલ | 95.64 |
| ૧૬ | ગોંડલીયા દેવાંશી પી. | BNV સ્કૂલ | 97.76 | ૪૫ | પટેલ અરોહી આર | BNV સ્કૂલ | 95.64 |
| ૧૭ | ભોરડ હિમાંશી ડી. | LPT સ્કૂલ | 97.76 | ૪૬ | ભેસાણીયા પર્વી એમ. | LPT સ્કૂલ | 95.64 |
| ૧૮ | વૈષ્ણવ રેનીશા પી. | LPT સ્કૂલ | 97.76 | ૪૭ | રામાનુંજ રવીના સી. | LPT સ્કૂલ | 95.64 |
| ૧૯ | હિંગુજા ભવની આર. | LPT સ્કૂલ | 97.64 | ૪૮ | કટેરા રાશી આર. | GSEB સ્કૂલ | 95.64 |
| ૨૦ | મહેતા શ્રેયા એસ. | BNV સ્કૂલ | 97.40 | ૪૯ | સોજીત્રા અશાલી બી. | LPT સ્કૂલ | 95.49 |
| ૨૧ | માંડાણી કૃપિતા એન. | BNV સ્કૂલ | 97.27 | ૫૦ | પોસીયા અવરા બી. | LPT સ્કૂલ | 95.49 |
| ૨૨ | રાણપરીયા દ્રષ્ટિ સી. | BNV સ્કૂલ | 97.14 | ૫૧ | વિરપરા ચાહત આર. | LPT સ્કૂલ | 95.34 |
| ૨૩ | સાવલીયા દેવાંગી બી. | LPT સ્કૂલ | 97.14 | ૫૨ | કાબરીયા તન્વી એસ. | BNV સ્કૂલ | 95.19 |
| ૨૪ | ગાંભવા રીતુ એમ. | LPT સ્કૂલ | 97.14 | ૫૩ | ચાડસર કાવ્યા બી. | LPT સ્કૂલ | 95.19 |
| ૨૫ | ડેવડીયા ધ્રુવિ વી. | LPT સ્કૂલ | 97.14 | ૫૪ | પાનેલીયા કૃપા પી. | GSEB સ્કૂલ | 95.19 |
| ૨૬ | ગજેરા રૂહા એ. | BNV સ્કૂલ | 97.02 | ૫૫ | કાચાણી સંસ્કૃતી એમ. | GSEB સ્કૂલ | 95.19 |
| ૨૭ | ગજેરા પૃથ્વી એસ. | GSEB સ્કૂલ | 97.02 | ૫૬ | જોગાણી માહી એ. | BNV સ્કૂલ | 95.03 |
| ૨૮ | કાતરીયા હસ્તી એમ. | GSEB સ્કૂલ | 96.89 | ૫૭ | ભલાણી દ્રષ્ટિ આર. | BNV સ્કૂલ | 95.03 |
| ૨૯ | માંડણકા અક્ષી એસ. | LPT સ્કૂલ | 96.76 | ૫૮ | કોઠારીયા જાન્વી પી. | LPT સ્કૂલ | 95.03 |


### ભારતે આખે આખી પાકિસ્તાનની ડિફેન્સ સિસ્ટમ જ ઉડાવી દીધી

# પાકિસ્તાનનો ભુજ સહિત ૧૫ શહેરો પર હુમલાનો નિષ્ફળ પ્રયાસ

## ભારતના હુમલાઓએ ઘણા HQ-૯ લોન્ચર્સ અને સંકળાયેલ રડાર સિસ્ટમ્સને નુકસાન પહોંચાડ્યું, પાકિસ્તાનની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓને અસર થઈ છે

નવી દિલ્હી, તા.૮

૭ મે, ૨૦૨૫ના રોજ પાકિસ્તાને રાત્રે ગુજરાતના ભૂજ સહિત ભારતના અનેક શહેરો અવંતીપુરા, શ્રીનગર, જમ્મુ, પઠાણકોટ, અમૃતસર, કપૂરથલા, જલંધર, લુધિયાણા, અમદાવાદ, ભટિંડા, ચંદીગઢ, નલ, ફલોદી અને ઉત્તરલાઈ પર ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા હતા. ભારતીય સેનાએ આ હુમલાને જડબાતોડ જવાબ આપ્યો છે. ઈન્ટિગ્રેટેડ કાઉન્ટર યુએએસ ગ્રિડ અને એર ડિફેન્સ સિસ્ટમે આ હુમલાઓને નિષ્ફળ બનાવી દીધા હતી. બીજા દિવસે સવારે, ભારતીય સેનાએ જવાબી કાર્યવાહી કરી હતી. તેમણે પાકિસ્તાનમાં અનેક સ્થળોએ એર ડિફેન્સ રડાર અને સિસ્ટમ પર હુમલો કર્યો હતો. આ જવાબ પાકિસ્તાનની તીવ્રતા જેટલો જ હતો, પણ ભારતે સ્પષ્ટ કહ્યું કે, "અમે શાંતિ ઈચ્છીએ છીએ, અમારો પ્રતિભાવ ફક્ત સંયમિત છે." ભારતે એ પણ જણાવ્યું કે, પાકિસ્તાને ભારતીય સેનાના લક્ષ્યોને નિશાન નથી બનાવ્યા, પણ જો ભવિષ્યમાં આવું થશે, તો ભારત યોગ્ય જવાબ આપશે.

આ ઘટનાની વચ્ચે, પાકિસ્તાને લાઈન ઓફ કંટ્રોલ (IOc) પર મોર્ટાર અને ભારે આર્ટિલરીથી ગોળીબાર વધારી દીધો હતો. કુપવાડા, બારામુલ્લા, ઉરી, પૂંછ, મેંઢર અને રાજૌરી જેવા વિસ્તારોમાં તીવ્ર ગોળીબાર થયો હતો. આ હુમલામાં ૧૬ નિર્દોષ લોકોના જીવ ગયા, જેમાં ત્રણ મહિલાઓ અને પાંચ બાળકોનો સમાવેશ થાય છે. આ ઘટનાએ ભારતને દુઃખી કરી દીધું, પણ ભારતે હજી પણ ધીરજ રાખી હતી. તેમણે પાકિસ્તાનના આ ગોળીબારને રોકવા માટે પ્રતિભાવ આપ્યો અને સ્પષ્ટ કહ્યું કે, "અમે શાંતિ ઈચ્છીએ છીએ, પણ જો પાકિસ્તાને આ રીતે હુમલા ચાલુ રાખ્યા, તો અમે પણ યોગ્ય જવાબ આપીશું."

આ ઘટના દરમિયાન, ભારતે "ઓપરેશન સિંધુર" નામની એક ખાસ કાર્યવાહી હાથ ધરી હતી. ૭ મે, ૨૦૨૫ના રોજ એક પ્રેસ બ્રીફિંગમાં, ભારતે આ ઘટનાઓની વિગતો જાહેર કરી અને વિશ્વને બતાવ્યું કે, તે શાંતિ ઈચ્છે છે, પણ પોતાની સુરક્ષા માટે કડક પગલાં લેવામાં પણ પાછીપાની નહીં કરે. અહેવાલ મુજબ, પાકિસ્તાનમાં હાજર ચીનની HQ-9 મિસાઈલ સિસ્ટમને ભારે નુકસાન થયું છે. ચીનમાં ઉત્પાદિત આ લાંબા અંતરની સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સિસ્ટમને પાકિસ્તાનના બહુ-સ્તરીય સંરક્ષણ નેટવર્કનો મુખ્ય ભાગ માનવામાં આવે છે. ભારતના ચોકસાઈવાળા હુમલાઓએ ઘણા HQ-9 લોન્ચર્સ અને સંકળાયેલ રડાર સિસ્ટમ્સને નુકસાન પહોંચાડ્યું છે, જેના કારણે મુખ્ય આગળના સ્થળોએ પાકિસ્તાનની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓને અસર થઈ છે. પાકિસ્તાને ભારતીય લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ભારતે પાકિસ્તાનની રડાર સિસ્ટમનો નાશ કરીને તેના મોટા હુમલાને નિષ્ફળ બનાવ્યો છે.

HQ-9 એ ચાઈના પ્રિસિઝન મશીનરી ઈમ્પોર્ટ-એક્સપોર્ટ કોર્પોરેશન (CPMIEC) દ્વારા વિકસિત સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ (SAM) સિસ્ટમ છે. આ મિસાઈલ સિસ્ટમને ચીનની લશ્કરી ટેકનોલોજીનું ઉત્તમ ઉદાહરણ માનવામાં આવે છે અને પાકિસ્તાને તેને ૨૦૨૧ માં તેની સેનામાં સામેલ કરી હતી. પાકિસ્તાને આ સિસ્ટમ અપનાવી, કારણ કે તે ભારતના આધુનિક હવાઈ યુદ્ધ સાધનો વિશે ચિંતિત હતું. ભારતના રાફેલ ફાઈટર જેટ, સુખોઈ Su-30MKI અને બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલ જેવા શસ્ત્રો પાકિસ્તાન માટે એક મોટો પડકાર છે. આને ધ્યાનમાં રાખીને, પાકિસ્તાને HQ-9 જેવી સિસ્ટમ પર વિશ્વાસ વ્યક્ત કર્યો, જે હવે ભારતીય હુમલામાં નાશ પામી છે. સરહદ પર ફાયરિંગ સતત થઈ રહ્યું છે. કુપવાડા, બારામુલા, પુંછ, મેંઢર, રાજોરી જેવા ક્ષેત્રમાં પાકિસ્તાને મોર્ટાર અને હેવી આર્ટિલરીથી ગોળીબારી કરી છે. આ નાપાક ફાયરિંગમાં ૧૬ ભારતીય નિર્દોશ નાગરિકોના મોત થયા, જેમાં ત્રણ મહિલાઓ અને પાંચ બાળકો સામેલ છે. ભારતનો સંદેશ સ્પષ્ટ છે કે અમે escalation નથી ઈચ્છતા, પરંતુ જવાબ આપતા આવડે છે. ભારતીય સેનાએ ફરી સ્પષ્ટ કર્યું કે ભારત યુદ્ધ ઈચ્છતું નથી. પરંતુ જો સૈન્ય કેમ્પ કે નાગરિકો પર હુમલા થાય છે તો ભારત જવાબ આપવામાં પાછળ હટશે નહીં. આ કારણ છે કે એલઓસી પર પાકિસ્તાની ગોળા-બારૂદનો જોરદાર જવાબ આપવામાં આવી રહ્યો છે. આજે સવારે ભારતીય સેનાએ પાકિસ્તાનમાં ઘણા સ્થાનો પર વાયુ રક્ષા રડાર અને સિસ્ટમને નિશાન બનાવી.

ભારતની પ્રતિક્રિયા પાકિસ્તાનની સમાન તીવ્રતા સાથે તે ક્ષેત્રમાં રહી છે. વિશ્વસનીય જાણકારી અનુસાર લાહોરમાં એક એર સિસ્ટમને નિષ્ક્રિય કરી દેવામાં આવી છે.

### ઓપરેશન સિંદૂર પર જયશંકરે પાકિસ્તાનને આપી ચેતવણી

# ઓપરેશન સિંદૂર હજુ પણ ચાલુ જ છે : કિરેન રિજિજુ

## જો આપણા પર કોઈપણ પ્રકારનો લશ્કરી હુમલો થાય છે તો કોઈ ગેરસમજ કે શંકામાં ન રહો : આનો જવાબ અપાશે

નવી દિલ્હી, તા.૮

સર્વપક્ષીય બેઠકમાંથી બહાર આવતા જ કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ જે નિવેદન આપ્યું તેનાથી પાકિસ્તાનની ચિંતા વધારી દીધી હશે. રિજિજુએ કહ્યું છે કે, 'ઓપરેશન સિંદૂર હજુ પણ ચાલુ છે.' તેના થોડા સમય પછી ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે પાકિસ્તાનને સ્પષ્ટ સંદેશ આપ્યો કે જો આપણા પર કોઈપણ પ્રકારનો લશ્કરી હુમલો થાય છે તો કોઈ ગેરસમજ કે શંકામાં ન રહો. આનો ખૂબ જ કડક જવાબ આપવામાં આવશે.

વિદેશ મંત્રી એસ. જયશંકરે ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીની સામે કહ્યું કે, તમે એવા સમયે ભારત આવ્યા છો જ્યારે અમે ૨૨ એપ્રિલે ભારતીય કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં થયેલા બર્બર હુમલાનો જવાબ આપી રહ્યા છીએ. આ હુમલાએ અમને ૭ મેના રોજ સરહદ પાર આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કરીને જવાબ આપવા માટે મજબૂર કર્યા.

જયશંકરનું ઈરાની સમકક્ષને આ ખુલ્લેઆમ માઈકની સામે જાણકારી આપવી મહત્વપૂર્ણ છે. વિદેશ મંત્રીએ ઈરાનની સાથે-સાથે પાકિસ્તાન અને તેના સહાનુભૂતિ ધરાવતા દેશોને પણ સંદેશ આપ્યો છે. વિદેશ મંત્રીએ કહ્યું કે, અમારો પ્રતિક્રિયા ટાર્ગેટેડ અને માપેલ હતો. અમારો ઈરાદો પરિસ્થિતિ વધુ ખરાબ કરવાનો નથી. આ પછી જયશંકરે કહ્યું કે, જો આપણા પર લશ્કરી હુમલો થાય છે, તો કોઈને શંકા ન હોવી જોઈએ કે તેનો ખૂબ જ કડક જવાબ આપવામાં આવશે. ભારતીય વિદેશ મંત્રીએ સૈયદ અબ્બાસને કહ્યું કે, એક પાડોશી અને નજીકના ભાગીદાર તરીકે આ મહત્વપૂર્ણ છે કે તમને પરિસ્થિતિની સારી સમજ હોય. આ પહેલા કેન્દ્ર સરકારે ગુરુવારે ઓપરેશન સિંદૂર વિશે જાણકારી આપવા માટે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. આ બેઠક અધ્યક્ષતા રક્ષા મંત્રી રાજનાથ સિંહે કરી હતી. ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂરને સફળતાપૂર્વક અંજામ આપીને પાકિસ્તાન અને PoKમાં ૯ આતંકવાદી ઠેકાણાઓ પર એર સ્ટ્રાઈક કરી હતી. ભારતીય સેનાએ જણાવ્યું કે, આતંકવાદીઓના આ તમામ ઠેકાણાઓને તબાહ કરવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર તેમણે જણાવ્યું કે, ઓપરેશન સિંદૂરમાં ૯ આતંકવાદી ઠેકાણાઓ પર સટીક હુમલા કરવામાં આવ્યા હતા. લગભગ ૧૦૦ આતંકવાદીઓ માર્યા ગયા. ઓપરેશન સિંદૂર હજુ પણ ચાલુ હોવાથી માર્યા ગયેલા આતંકવાદીઓની સંખ્યા અંગે કોઈ ચોક્કસ માહિતી નથી.

### ઓપરેશન સિંદૂરઃ કંધાર હાઈજેકનો બદલો લીધો

# પાકિસ્તાની આતંકી અબ્દુલ રઉફ અઝહર માર્યો ગયો

## આ એ જ અબ્દુલ રઉફ અઝહર છે જે વર્ષોથી પાકિસ્તાનમાં છૂપાયેલો બેઠો હતો અને ભારત વિરુદ્ધ ઝેર ઓકતો હતો

નવી દિલ્હી, તા.૮

એવું લાગે છે કે આતંકવાદી પર હવે ભારતીય સેના આરપારના મૂડમાં છે. સરકારે કહી દીધુ છે કે ઓપરેશન સિંદૂર હજું ચાલુ છે. આ કડીમાં એક વધુ મોટા આતંકીનું કામ તમામ થઈ ગયું હોવાની ખબરો આવી રહી છે. સૂત્રોના જણાવ્યાં મુજબ કંધાર હાઈજેકમાં સામેલ રહેલો આતંકી અબ્દુલ રઉફ અઝહર ગંભીર રીતે ઘાયલ થયો છે. આ એ જ અબ્દુલ રઉફ અઝહર છે જે પાકિસ્તાનમાં છૂપાયેલો હતો અને છાશવારે ભારત સામે ઝેર ઓકતો હતો. પરંતુ ભારતીય સેનાએ હવે તેનું કામ તમામ કરી દીધુ છે. તેના પર જલદી વધુ અપડેટ આવી શકે છે. મળતી માહિતી મુજબ અબ્દુલ રઉફ અઝહર કમાન્ડર મસૂદ અઝહર જૂથનો છે. કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં એવું પણ કહેવાય છે કે તે મસૂદ અઝહરનો ભાઈ છે. એક રિપોર્ટ મુજબ અઝહર લાંબા સમયથી આતંકી સંગઠન જૈશ એ મોહમ્મદનો બીજો સૌથી મોટો વડો બની બેઠો હતો. તે રિપોર્ટમાં કહેવાયું હતું કે તે મસૂદ અઝહરનો નાનો ભાઈ છે. રઉફને પાકિસ્તાની સેના અને ગુપ્તચર એજન્સી આઈએસઆઈનું પણ લાંબા સમયથી સંરક્ષણ મળેલું હતું. તે રાવલપિંડી સહિત પાકિસ્તાનમાં ખુલ્લેઆમ સક્રિય રહ્યો છે. અમેરિકાએ ૨૦૧૦માં તેના પર પ્રતિબંધ લગાવ્યા અને ભારતે તેને સંયુક્ત રાષ્ટ્રની વૈશ્વિક આતંકીઓની સૂચિમાં સામેલ કરવાની વારંવાર કોશિશ કરી જેને ચીને વીટો કર્યો હતો.

એટલું જ નહીં આ રઉફ અઝહર ૧૯૯૯ના કંધાર nkEsuf IC-814 નો માસ્ટરમાઈન્ડ પણ હતો જેમાં ઈન્ડિયન એરલાઈન્સના વિમાનને કાઠમંડુથી દિલ્હી જતી વખતે હાઈજેક કરાયું હતું. આ હાઈજેકનો હેતુ તેના ભાઈ મસૂદ અઝહરને ભારતીય જેલમાંથી છોડાવવાનો હતો. રઉફે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ સાથે મળીને આ ષડયંત્રને અંજામ આપ્યો હતો. જ્યારે ભારતીય વિમાનને અમૃતસર, લાહોર, દુબઈ થઈને કંધાર લઈ જવાયું હતું. હાઈજેકર્સે ૧૭૬ મુસાફરો અને ૧૫ ક્રૂ મેમ્બર્સના બદલે મસૂદ અઝહર, મુશ્તાક ઝરગર અને ઉમર શેખના છૂટકારાની માંગણી કરી.




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)